કેસ દાખલ તારીખ :– ૨૧.૧૧.૨૦૨૫
કેસ નોધ્યા તારીખ :– ૨૧.૧૧.૨૦૨૫
કેસ નિર્ણય તારીખ :–૧૫.૦૫.૨૦૨૬
અવધિ :– વર્ષ ૦૦, મા.૦૫, દિ.૨૪

મે.ખેડાના અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ખેડા.

ક્રિ.કે.નં.૯૭૩/૨૦૨૫

**આંક :– ૨૨**

**ફરીયાદી :–**

શ્રી સરકાર.

વિરૂધ્ધ

**તહોમતદાર :–**

વિજય સ/ઓ જીલુભાઈ કરમણભાઈ ભરવાડ,

ઉ.વ.૧૮, ધંધો : ડ્રાઈવીંગ,

રહે. નાંદેજ, રાધાક્રિષ્ણ મંદિર સામે, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

---

**ગુન્હો:** –બી.એન.એસ.કલમ ૨૮૧,૧૦૬(૧)૧૨૫(એ),(બી) તથા ધી એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪.

---

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ત્રિવેદી
આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી જે.આર.રાઠોડ

---

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૯.૧૨.૨૦૨૪ ના કલાક ૧૩:૧૫ વાગ્યાના સુમારે આરોપીએ મોજે મહીજથી બારેજડી રોડ ઉપર રતનબા પેટ્રોલપંપ પાસે પોતાની સી.એન.જી.રીક્ષા નં.જી.જે.૨૩. એવી. ૫૪૫૫ ની પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે બારેજડીથી બારેજા રોડ

તરફથી ચલાવી લઈ આવી મહીજ ગામની સીમમાં આવેલ રતનબા પેટ્રોલપંપ પાસે સામેથી આવતા મોટર સાયકલ નં.જીજે.૭.સીકે.૫૩૫૮ સાથે અથડાવી અકસ્માત કરી મોટર સાયકલ ચાલક શૈલેષભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન તેનું મોત નિપજાવી તથા મોટર સાયકલની પાછળ બેઠેલ ફરીયાદીને જમણા પગે ફ્રેકચરની ઈજા પહોંચાડી તથા રીક્ષામાં બેસેલ સાહેદ પ્રભાતભાઈ તથા કોકીલાબેનને શરીરે નાની મોટી ઈજાઓ પહોચાડી સ્થળ ઉપરથી પોતાની સી.એન.જી. રીક્ષા લઈ નાસી જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ, બી.એન.એસ.કલમ ૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),(બી) તથા ધી એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુન્હો કર્યાની ફરીયાદ ફરીયાદીએ એલ.જી.હોસ્પીટલ ખાતે હાજર રહતા તે વખતે પોલીસ આવતાં પોલીસ સમક્ષ ફરીયાદ જાહેર કરતાં તે લખી લઈ તે આધારે પો.સ્ટે.પાર્ટ–એ ગુના રજી.નં.૬૫૨/૨૦૨૪ થી નોંધી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારું રજુ કરેલ છે.

(૨) કોર્ટ કાર્યવાહી.

સદર કામનાં આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં અને આરોપી કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ, આંક–૦૨ તળે જવાબ નોંધતાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષનો પુરાવો.

આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

મૌખિક પુરાવો.

(૧)આંક–૦૪ થી ફરીયાદી સંજયભાઈ શનાભાઈ તડવીની જુબાની.

(૨) આંક–૦૬ થી સાહેદ જયોતીબેન શૈલેષભાઈ વસાવાની જુબાની.

(૩)આંક–૦૭થી સાહેદ રણજીતભાઈ સુરેશભાઈ વસાવાની જુબાની.

(૪)આંક–૦૯ થી સાહેદ પ્રભાતભાઈ મથુરભાઈ સલાટની જુબાની.

(૫)આંક–૧૦ થી સાહેદ કોકીલાબેન પ્રભાતભાઈ સલાટની જુબાની.

(૬)આંક–૧૧ થી ત.ક.અ.શ્રી દિલીપકુમાર રાવજીભાઈની જુબાની.

**દસ્તાવેજી પુરાવાઓ**

(૧) આંક–૦૫ થી ફરીયાદ.

(૨) આંક–૧૨ થી ઈન્કવેસ્ટ પંચનામું.

(૩)આંક–૧૩ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું.

(૪)આંક–૧૪ થી ગુનામાં સંડોવાયેલ વાહનનું પંચનામું.

(૫)આંક–૧૫,૧૬,૧૭ થી સારવાર સર્ટીફીકેટ.

(૬)આંક–૧૮ થી શૈલેષભાઈની પી.એમ. નોટ.

(૭)આંક–૧૯ થી એફ.એસ.એલ. રીપોર્ટ.

(૮)આંક–૨૦,૨૧ થી એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ.

(૪) બચાવ પક્ષનો પુરાવો.

ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો તપાસેલ નથી અને ફરીયાદ પક્ષે પુરાવો બંધ કરવા મૌખિક રજુઆત કરતાં, પુરાવો બંધ કરવામાં આવેલ છે. રજુ પુરાવો જોતાં, આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) દલીલો.

આ કામમાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ત્રિવેદીની તથા આરોપી તરફે વિ.વ.શ્રી જે.આર.રાઠોડની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) મુદ્દાઓ.

ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૯.૧૨.૨૦૨૪ ના કલાક ૧૩:૧૫ વાગ્યાના સુમારે મોજે મહીજથી બારેજડી રોડ ઉપર રતનબા પેટ્રોલપંપ પાસે પોતાની સી.એન.જી.રીક્ષા નં.જી.જે.૨૩. એવી. ૫૪૫૫ ની પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે બારેજડીથી બારેજા રોડ તરફથી ચલાવી લઈ આવી મહીજ ગામની સીમમાં આવેલ રતનબા પેટ્રોલપંપ પાસે સામેથી આવતા મોટર સાયકલ નં.જીજે.૭.સીકે.૫૩૫૮ સાથે અથડાવી અકસ્માત કરી મોટર સાયકલ ચાલક શૈલેષભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન તેનું મોત નિપજાવી તથા મોટર સાયકલની પાછળ બેઠેલ ફરીયાદીને જમણા પગે ફ્રેકચરની ઈજા પહોંચાડી તથા રીક્ષામાં બેઠેલ સાહેદ પ્રભાતભાઈ તથા કોકીલાબેનને શરીરે નાની મોટી ઈજાઓ પહોચાડી સ્થળ ઉપરથી પોતાની સી.એન.જી. રીક્ષા લઈ નાસી જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ, બી.એન.એસ.કલમ ૨૮૧,૧૦૬ (૧),૧૨૫(એ), (બી) તથા ધી એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**મુદ્દા નંબર ૧ અને ૨ ની ચર્ચા.**

(૮) ફરીયાદપક્ષના પુરાવાઓનું મૂલ્યાંકન કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ અને ૧૦૧ની જોગવાઈ નીચે પ્રમાણે છે.

ભા. પુ. અધિ.ની કલમ કલમ– ૧૩૪

સાક્ષીઓની સંખ્યા કોઈ હકીકતની સાબિતી માટે સાક્ષીઓ ની અમુક જ સંખ્યા કોઈ કેસમા આવશ્યક ગણાશે નહી.

આમ કાયદાની ઉપરોકત જોગવાઈ નજર સમક્ષ રાખતા જો એક સાહેદની જુબાની વિશ્વસનીય અને માનવા લાયક હોય તો તેના ઉપર આધાર રાખી શકાય.

ભા. પુ. અધિ.ની કલમ–૧૦૧ સાબિતીનો બોજો

જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનુ અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

આમ ફોજદારી કેસમા મૂળભુત સિધ્ધાંત છે કે ફરીયાદીએ તમામ શંકા રહીત પોતાનો કેસ પુરવાર કરવો પડે અને તે અંગે આરોપીના પગ ઉપર આધાર રાખી શકાય નહી.

(૯) ઉભયપક્ષની દલીલના સંદર્ભમાં રેકર્ડ પરનો રજુ પુરાવો જોવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે આંક–૦૪ થી ફરીયાદી સંજયભાઈ શનાભાઈ તડવીને તપાસતાં તેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, હાલનો બનાવ

આશરે એકાદ વર્ષ અગાઉ બનેલ. તે વખતે તેઓ તથા તેમના મિત્ર શૈલેષ બંને જણા મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે રતનબા પેટ્રોલપંપ પાસેથી એક ઈસમ સી.એન.જી. રીક્ષા લઈ આવેલ અને તેમના મોટર સાયકલ સાથે ટકકર મારતા તેઓ મોટર સાયકલ પરથી નીચે પડી ગયેલા જેમાં તેમને જમણા પગે ઈજા થયેલી અને શૈલેષભાઈને પગે તથા માથામાં ઈજા થયેલ. બનાવ વખતે તેઓનું મોટર સાયકલ શૈલેષભાઈ ચલાવતા હતા. વધુમાં જણાવે છે કે, બનાવ વખતે રીક્ષા ચાલકને તેઓએ જોયેલ જે નામદાર કોર્ટમાં હાજર છે તે હતો. આ બનાવમાં તેઓને ઈજા થયેલ તેની સારવાર માટે મણીનગર એલ.જી. હોસ્પીટલ લઈ ગયેલ જયાં શૈલેષભાઈ મરણ ગયેલ અને તેમને પગમાં ફ્રેકચર થયેલ હોય પ્લેટ નાખવામાં આવેલ. આ બનાવની ફરીયાદ એલ.જી. હોસ્પીટલમાં સારવાર હેઠળ હતા ત્યારે આપેલ તેમ જણાવી આંક–૦૫ થી ફરીયાદ રજુ રાખેલ છે. વધુમાં જણાવે છે કે, આ રીક્ષાવાળો કેવી રીતે આવેલ તે તેઓ પાછળ બેઠેલ હોવાથી તે કહી શકે તેમ નથી. જયારે આ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસ દરમ્યાન કબુલ કરે છે કે, તેઓને અંગ્રેજી લખતા વાંચતા આવડતું ન હોય તેઓએ રીક્ષાનો નંબર જોયેલ નથી કે તેનો નંબર કયો હતો તેની ખબર નથી. તેઓ સ્વીકારે છે કે, એકસીડન્ટવાળા સ્થળની નજીકમાં પેટ્રોલપંપ આવેલ છે. સદર બનાવ સ્થળ હાઈવે રોડ હોય ત્યાં બનાવ સ્થળે ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. બનાવ સ્થળે આવેલ રોડ સીંગલ પટ્ટી રોડ છે અને તેમના આગળ આઈશર જતી હોય જેથી ઓવરટેક કરવા જતા હાલનો બનાવ બનેલ. તેઓ સ્વીકારે છે કે, આરોપીને આજરોજ પ્રથમ વખત કોર્ટમાં મળેલ હોય બનાવ વખતે આ જ આરોપી હતો કે કેમ તે તેઓ કહી શકે તેમ નથી. તેઓ સ્વીકારે છે કે, પોલીસ દવાખાને આવેલ ત્યારે ટાઈપ કરેલ કાગળ

હતું તેમા તેમને નામઠામ પુછી સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ તેમા શું લખેલ હતું તે વાંચેલ નહી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૦૬ થી સાહેદ જયોતીબેન શૈલેષભાઈ વસાવાને તપાસતાં તેણી પોતાના પુરાવામાં જણાવે છે કે, હાલનો બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ બનેલ. બનાવ વખતે તેમના પતિ શૈલેષભાઈ તથા તેમના મિત્ર સંજયભાઈ બંને જણા તેઓના મોટર સાયકલ ઉપર બારેજડી જતા હતા તે વખતે તેઓનો આશરે એકાદ વાગ્યાની આસપાસ એક રીક્ષા સાથે અકસ્માત થયેલ તે વખતે તેણી પોતાના પિયર ગયેલી હતી અને તેણીને અકસ્માતના સમાચાર મળતા તેણી અમદાવાદ એલ.જી. હોસ્પીટલમાં ગયેલ અને જોયેલ તો તેણીના પતિ શૈલેષભાઈ ઈજાઓ થતા ગુજરી ગયેલ હતા અને તેમની સાથેના સંજયભાઈને પગના ભાગે ઈજાઓ થયેલ હોવાનું જાણેલ. તેણીના પતિના મોટર સાયકલ સાથે અકસ્માત કરનાર રીક્ષાવાળો બારેજડી ગામનો હતો પરંતુ કોણ હતો તેની ખબર નથી તેમજ તેની રીક્ષાનો નંબર પણ કયો હતો તેની પણ ખબર નથી. બનાવ બાબતે સંજયભાઈએ ફરીયાદ આપતા પોલીસે તેણીનો જવાબ લીધેલ. જયારે આ સાહેદ બચાવ પક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસ દરમ્યાન કબુલ કરે છે કે, બનાવ વખતે તેણી બનાવ સ્થળે હાજર ન હતી. તેણી સ્વીકારે છે કે, બનાવ તેણીએ નજરો નજર જોયેલ ન હોઈ અકસ્માત કેવી રીતે થયેલ અને કોની કસુરથી થયેલ તે તેણી કહી શકે તેમ નથી.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૦૭ થી સાહેદ રણજીતભાઈ સુરેશભાઈ વસાવાને તપાસતાં આ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, હાલનો બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ બનેલ. બનાવ વખતે તેમના ભાઈ શૈલેષભાઈ તથા તેના મિત્ર સંજયભાઈ બંને જણા તેમના ભાઈની મોટર સાયકલ ઉપર

અસલાલી નોકરી જતા હતા તે વખતે મહીજ નજીક આવેલ રતનબા પેટ્રોલપંપ સામે પેટ્રોલ પુરાવા ગયેલ તે વખતે આશરે દોઢેક વાગ્યાની આસપાસ તેમના ભાઈના મોટર સાયકલનો રીક્ષા સાથે એકસીડન્ટ થયેલ. આ બનાવની જાણ તેઓને તેમના મિત્રએ ફોનથી કરેતાં અને તેઓ નજીકના ગામમાં હોવાથી બનાવ સ્થળે આવી ગયેલ અને જોયેલ તો તેમના ભાઈને પગના ભાગે તથા માથાના ભાગે ઈજાઓ થયેલી હતી અને સંજયભાઈને પણ પગના ભાગે ઈજાઓ થયેલી હતી. જેઓને ૧૦૮ મારફતે અમદાવાદ એલ.જી.હોસ્પીટલમાં લઈ ગયેલા જયાં તેમના ભાઈ મરણ ગયેલ હોવાનું જાહેર કરેલ. તેમના ભાઈના મોટર સાયકલ સાથે અકસ્માત કરનાર રીક્ષાનો નંબર કયો હતો તે તેમને ખબર નથી. તેઓ સ્વીકારે તેમના ભાઈના મોટર સાયકલ સાથે અકસ્માત કરનાર રીક્ષાના ચાલકને તેમને જોયેલ નહી પરંતુ પાછળથી જાણેલ તો તે બારેજડી ગામનો હતો. જયારે આ સાહેદ બચાવ પક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસ દરમ્યાન કબુલ કરે છે કે, બનાવ વખતે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા. તેઓ સ્વીકારે છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નહોઈ અકસ્માત કેવી રીતે થયેલ અને કોની કસુરથી થયેલ તે તેઓ કહી શકે તેમ નથી.

**(૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૦૯ થી સાહેદ પ્રભાતભાઈ મથુરભાઈ સલાટને તપાસતાં તેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, હાલનો બનાવ આશરે દોઢ બે વર્ષ પહેલા તેઓ તથા તેમની પત્ની બંને જણા બારેજડીથી બારેજા જવા માટે રીક્ષામાં બેઠેલા હતા અને આશરે બપોરના એક વાગ્યાની આસપાસ મહીજ ગામના પાટીયા પાસે એક મોટર સાયકલ સાથે રીક્ષા અથડાતા રીક્ષા પલટી થઈ ગયેલ અને તેઓ રીક્ષા નીચે દબાઈ ગયેલા જેમાં તેમને આંખ ઉપર તથા બંને હાથ ઉપર ઈજાઓ થયેલ અને તેઓની પત્નીને જમણા હાથમાં ઈજાઓ થયેલી. તેઓને સારવાર માટે ક્રિ

ષ્ણા હોસ્પીટલમાં દાખલ કરેલ. આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ. જયારે આ સાહેદ બચાવ પક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે પોલીસે તેમનું નામઠામ પુછેલ તે સિવાય તેમને કશું પુછેલ નહી. તેઓ સ્વીકારે છે કે રીક્ષાનો નંબર તેમને જોયેલ નથી કે તેમને તેની ખબર નથી.તેઓ સ્વીકારે છે કે તેઓ જે રીક્ષામાં જતા હતા તે રીક્ષા સામે મોટર સાયકલ રોંગસાઈડે આવેલી અને રીક્ષા સાથે અથડાયેલ. તેઓ સ્વીકારે છે કે રીક્ષા ચાલક કોણ હતા તેને તેઓ ઓળખતા નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૧૦ થી સાહેદ કોકીલાબેન પ્રભાતભાઈ સલાટને તપાસતાં તેણી પોતાના પુરાવામાં જણાવે છે કે, હાલનો બનાવ આશરે દોઢ બે વર્ષ પહેલા બપોરના બારેક વાગ્યાની આસપાસ બનેલ. બનાવ સમયે તેઓ નેનપુરથી રીક્ષામાં બેસીને બારેજા ઘરે આવતા હતા તે સમયે રસ્તામાં તેઓની રીક્ષા આગળ એક મોટર સાયકલવાળો આવેલ અને તે તેઓની રીક્ષા સાથે અથડાતા એકસીડન્ટ થયેલ જેમાં તેઓની રીક્ષા પલટી ખાઈ જતા તેણી તથા તેણીના પતિ બંને જણા રીક્ષા નીચે દબાઈ ગયેલા જેમાં તેણીને જમણા હાથે ફ્રેકચર થયેલ જેનુ ઓપરેશન કરી સળીયા નાખેલા તેમજ તેણીના પતિને માથા તથા હાથના ભાગે ઈજાઓ થયેલ. જેની બારેજા ક્રિષ્ણા હોસ્પીટલમાં સારવાર લીધેલ. વધુમાં જણાવે છે કે આ બનાવ સમયે તેઓ જે રીક્ષામાં બેઠેલા હતા તેનો કયો નંબર હતો તથા તેના ચાલક કોણ હતા તે તેણી કહી શકે તેમ નથી. જયારે આ સાહેદ બચાવ પક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસ દરમ્યાન કબુલ કરે છે કે, એકસીડન્ટ મોટર સાયકલ વાળો સામેથી તેઓની રીક્ષા સાથે અથડાતા થયેલ. ત્યારબાદ તેણી સ્વીકારે છે કે, કહેવાતો એકસીડન્ટ મોટર સાયકલના ચાલકની બેદરકારીના કારણે થયેલ.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૧ થી સદર ગુન્હાની તપાસ કરનાર અમલદારશ્રી દિલીપકુમાર રાવજીભાઈને તપાસતાં તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,ગઈ તા.૦૯.૧૨.૨૦૨૪ ના રોજ તેઓ ખેડા ટાઉન પો.સ્ટે.માં ફરજ પર હાજર હતા તે દરમ્યાન કલાક ૧૬:૩૦ વાગ્યે એલ.જી.હોસ્પીટલ અમદાવાદથી ડો. પાર્થિવનાઓની ટેલીફોનીક વર્ધી આવેલ જેમા તા.૦૯.૧૨. ૨૦૨૪ ના રોજ કલાક ૧૪:૫૦ વાગે મહીજ અને બારેજડીની વચ્ચે રતનબા પેટ્રોલપંપ પાસે રીક્ષા તથા બાઈક વચ્ચે અકસ્માત થતા દર્દી નામે શૈલેષભાઈ સુરેશભાઈ વસાવા અને સંજયભાઈ શનાભાઈ તડવીને સારવાર માટે લાવેલ છે અને તેજ સમયે ક્રિષ્ણા હોસ્પીટલ બારેજાથી ડો.કપિલ ડોડીયાનાએ વર્ધી લખાવેલ કે, તા.૦૯.૧૨.૨૦૨૪ ના રોજ કલાક ૧૪:૫૦ વાગે મહીજ અને બારેજડીની વચ્ચે રતનબા પેટ્રોલપંપ પાસે રીક્ષા તથા બાઈક વચ્ચે અકસ્માત થતા દર્દી નામે પ્રભાતભાઈ મથુરભાઈ સલાટ તથા કોકીલાબેન પ્રભાતભાઈ સલાટને ઈજા થતા સારવાર માટે લાવેલ છે. જેથી, તેઓ સદર વર્ધી આધારે એલ.જી. હોસ્પીટલ ખાતે ગયેલા ત્યાં દર્દી શૈલેષભાઈ સુરેશભાઈ વસાવાનું અકસ્માતમાં સારવાર દરમ્યાન મોત નિપજેલ તથા સંજયભાઈ શનાભાઈ તડવીની સારવાર ચાલું હોય તે ભાનમા હોય તેમના લખાવ્યા મુજબની આંક–૦૫ થી રજુ ફરીયાદ લખી લીધેલ જેમાં ફરીયાદીની તથા રૂબરૂમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ મરણ જનાર શૈલેષભાઈની લાશનું બે પંચો રૂબરૂ એલ.જી.હોસ્પીટલના ઈમરજન્સી વોર્ડમાં ઈન્કવેસ્ટ પંચનામું કરેલ જે આંક–૧૨ થી રજુ રાખી તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ સદર ફરીયાદ ખેડા પો.સ્ટે. આવી પી.એસ.ઓ.ને સોંપતા સદર ફરીયાદ આધારે પો.સ્ટે. ગુ.ર.નં.૬૫૨/૨૦૨૪ થી બી.એન.એસ.એસ.કલમ ૨૮૧,૧૦૬(૧),૧૨૫ (એ)(બી) મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને સોંપતા

તપાસના કામે બનાવ સ્થળે જઈ પંચો રૂબરૂ આંક–૧૩ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ જેમા પંચોની તથા રૂબરૂમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તપાસના કામે ગુનામાં સંડોવાયેલ રીક્ષાનું પંચો રૂબરૂ આંક–૧૪ થી રજુ પંચનામું કરેલ જેમા પંચોની તથા રૂબરૂમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તપાસના કામે આ કામે ઈજા પામનારના મેડીકલ સર્ટી, પી.એમ. નોટ મેળવેલ જે આ કામે આંક–૧૫ થી આંક–૧૮ સુધીના રજુ રાખેલ છે. તપાસના કામે એફ.એસ.એલ.રીપોર્ટ તથા વાહનનો યાંત્રિક ખામીનો રીપોર્ટ મેળવેલ જે આ કામે આંક–૧૯ થી આંક–૨૧ સુધીના રજુ રાખેલ છે. ત્યારબાદ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. જયારે આ સાહેદ બચાવ પક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસ દરમ્યાન કબુલ કરે છે કે, કહેવાતો બનાવ મોટર સાયકલ તથા રીક્ષા સામસામે ભટકાવવાથી બનેલ. તેઓ સ્વીકારે છે કે તેઓની રૂબરૂની ફરીયાદમાં ફરીયાદીએ તથા ઈજા પામનાર સાહેદોના નિવેદનોમાં સાહેદોએ રીક્ષાનો ચાલક કોણ હતો તેવી હકીકત લખાવેલ નથી. તેઓ સ્વીકારે છે કે, બનાવ સ્થળે આવેલ રોડ બારેજડીથી મહીજ જતો બતાવેલ નથી.

**(૧૫)** હવે ઈ.પી.કો. કલમ ૨૭૯ જોવામાં આવે તો,

<u>૨૭૯. જાહેર માર્ગ પર બેફામપણે હંકારવું કે સવારી કરવી</u>.:–

કોઈ પણ વ્યકિત, બહુજનસમુદાયની જિંદગી ભયમાં મૂકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરિયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે.

હવે ઉપરોકત રીતે અકસ્માતનો ગુનો સાબિત કરવા માટેના જે આવશ્યક તત્વો છે તે જોવામાં આવે તો અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર, વાહનના ચાલક, વાહનની બનાવ સમયે ઝડપ, બનાવ સમયે વાહન ચાલકની બેદરકારી વિગેરે છે અને આ તમામ આવશ્યક તત્વો ફરીયાદ પક્ષ પોતાના પુરાવાથી પુરવાર કરી શકે તો જ અકસ્માતના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય.

(૧૬) આમ, ઉપરોકત પેરામાં કરવામાં આવેલ ચર્ચા તથા રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, અકસ્માત કરનાર રીક્ષાના ડ્રાઈવરને તેઓએ જોયેલ હોય તેને ઓળખતા હોય કોર્ટમાં હાજર આરોપીને રીક્ષાના ચાલક તરીકે ઓળખી બતાવે છે પરંતુ બનાવ સમયે આરોપીએ તેના કબજાની રીક્ષા પુરઝપડે કે બેદરકારી પૂર્વક હંકારેલ હોય તેવી કોઈજ હકીકત જણાવતા નથી. તદુઉપરાંત પોતાની ઉલટ તપાસ દરમ્યાન સ્પષ્ટ જણાવે છે કે, આરોપીને આજરોજ પ્રથમ વખત કોર્ટમાં મળેલ હોય બનાવ વખતે આજ આોપી હતો કે કેમ? તે તેઓ કહી શકે તેમ નથી. વધુમાં તેઓ એ હકીકત સ્પષ્ટ સ્વીકારે છે કે, બનાવ સ્થળે આવેલ રોડ સીંગલ પટ્ટી રોડ છે અને તેમના આગળ આઈશર ગાડી જણી હોય જેની ઓવરટેક કરવા જતાં હાલનો બનાવ બનેલ. તેજ રીતે કહેવાતા બનાવમાં ઈજા પામનાર સાહેદ પ્રભાતભાઈ મથુરભાઈ સલાટનો તથા કોકીલાબેન પ્રભાતભાઈ સલાટનો પુરાવો જોતાં તેઓએ પણ સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓ જે રીક્ષામાં જતા હતા તે રીક્ષા સામે મોટર સાયકલ ચાલક રોંગ સાઈડે આવી રીક્ષા સાથે અથડાવતાં કહેવાતો બનાવ બનેલ. જે બનાવ મોટર સાકયલના ચાલકની બેદરકારીને કારણે બનેલ. આમ, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોને પુરાવો જોતાં એકસીડેન્ટ કરનાર રીક્ષાનો નંબર કયો હતો તથા તેના ચાલક કોણ હતા તે હકીકત એક પણ સાહેદ પોતાના પુરાવામાં જણાવતા

નથી તદુઉપરાંત ઈજા પામનાર સાહેદ પ્રભાતભાઈ તથા કોકીલાબેનએ સ્પષ્ટ જણાવેલ છે કે, મોટર સાયકલ ચાલક સામેથી રોંગ સાઈડે આવી તેમની રીક્ષા સાથે અથડાતો કહેવાતો બનાવ બનેલ જે મોટર સાયકલ ચાલકની બેદરકારીથી બનેલ છે ત્યારે આ કામે તપાસ કરનાર અમલદારશ્રીનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો તેના આધારે કહેવાતો જે એકસીડેન્ટ થયેલ તેમાં સંડોવાયેલ રીક્ષાના ચાલક હાલના આરોપી હતા અને આરોપીના પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે મનુષ્યની જિંદગી જોખમાય તે રીતેના ડ્રાઈવીંગના કારણે બનેલ હોય જેમાં ફરીયાદી સંજયભાઈ શનાભાઈને ઈજાઓ થયેલ હોય તથા શૈલેષભાઈનુ મોત નિપજેલ હોય તે હકીકતો રજુ પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતી નથી. આમ, આરોપી વિરુધ્ધનો આક્ષેપ ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આખરી હુકમ</u> ::-**

૧. આ કામના આરોપી વિજય જીલુભાઈ કરમણભાઈ ભરવાડ, રહે. નાંદેજ, રાધાક્રિષ્ણ મંદીર સામે, તા.દસક્રોઈ, જી.અમદાવાદવાળાન બી.એન.એસ.એસ.કલમ ૨૭૮(૧) અન્વયે તેની સામેના બી.એન.એસ.કલમ ૨૮૧,૧૦૬(૧)૧૨૫(એ),(બી)તથા ધી એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ઉપરોકત ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર જામીન લેવા જરૂરી જણાતું હોય

આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૫મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫.૦૫.૨૦૨૬ (મહેશકુમાર ચીમનલાલ પટેલ)
સ્થળ : ખેડા. અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ખેડા.
[GJ01199]